**શ્રમ અદાલત નં.૪ વડોદરાના પ્રમુખ અધિકારીશ્રી એન.એલ.શર્મા સમક્ષ.**

**રીકવરી (સી–૧) અરજી નં.૩૦/૨૦૨૩.**
**આંક–૧૧.**

**અરજદાર :– ગણપતભાઈ છગનભાઈ પરમાર,**
રહે.સરકારી દૂધ ડેરીની પાસે,
મુ.પો.તિથોર,તા. પાદરા,જી.વડોદરા.

**:: વિરુધ્ધ ::**

**સામાવાળા :–** ન્યુટન એન્જીનીયરીંગ એન્ડ કેમીકલ્સ લી.,
શેડ નં. ૮૬૪/ડી–૪, જી.આઈ.ડી.સી.,
મકરપુરા,વડોદરા.

હાજર રહયા:–
અરજદાર તરફે : વિ.યુનિયન પ્રતિનિધી શ્રી અતુલ એચ.ત્રિવેદી
સામાવાળા તરફે : વિધ્વાન વકીલ શ્રી એસ. વી. પરમાર.

**–:: ચુકાદો ::–**

**(૧). અરજી ની હકીકત :–** અરજદારની ઔધોગિક વિવાદ ધારાની કલમ ૩૩ (સી–૧) હેઠળની અરજી ની વિગત મુખ્યત્વે એવી છે કે, અરજદાર સામાવાળા સંસ્થામાં નોકરીમા કરતા હતા તે દરમિયાન સામાવાળા કંપનીએ અરજદારને નોકરીમાથી છુટા કરતાં તે અંગેનો વિવાદ રેફરન્સ (એલ.સી.વી.)નં. ૨૬૫/૨૦૧૮ થી દાખલ કરેલ નામદાર કોર્ટે તા.૨૯/૦૩/૨૦૨૩ રોજ અરજદારની અરજી મંજુર કરતો હુકમ નીચે મુજબ કરેલ છે.

–:: હુકમ ::–

**૧.** અરજદાર નો રેફરંસ કેસ અંશત: મંજુર કરવાનો હુકમ કરવામાંઆવે છે. સામાવાળા એ, આ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં અરજદારને ઉચ્ચક વળતર પેટે રૂા.૫૦,૦૦૦ /– (અંકે રૂપિયા પચ્ચાસ હજાર પુરા) ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** અરજદારને ખર્ચ પેટે સામાવાળાએ રૂા.૩,૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ હજાર પુરા) અલગથી ચુકવી આપવાનો હુકમ કરવામાંઆવે છે.

**(૧.૧).** નામદાર મજુર અદાલત,વડોદરાએ રેફરન્સ (એલ.સી.વી.) નં. ૨૬૫/૨૦૧૮ ના કામે આંક-૨૨ થી તા. ૨૯-૦૩-૨૦૨૩ ના રોજ જે ચુકાદો આપેલ તે ચુકાદાનો અમલ કરવા માટે અરજદારે સામાવાળા કંપનીને તા.૧૭-૦૬-૨૦૨૩ ના રોજ રજીસ્ટર્ડ એ.ડી. પત્ર થી અમલ કરવા માટે ની માંગણી કરેલ તે પત્ર સામાવાળા કંપની ને મળી ગયેલ હોવા છતાં તેનો અમલ ન કરતાં અરજદારને અરજી દાખલ કરવાની ફરજ પડેલ છે. આમ, ઉપરોકત હકીકત અને કારણોને ધ્યાનમાં લઈ અરજદારની અરજી મંજુર કરી સામાવાળાઓ અરજદારને હુકમ મુજબની રકમ રૂા.૫૦,૦૦૦/- ખર્ચ સહ વસુલ આપે તેવું કલેકટર શ્રી વડોદરા ધ્વારા વસુલાત માટે પ્રમાણપત્ર કાઢી આપવા તથા અરજનો ખર્ચ સામાવાળાઓ પાસેથી અપાવવા અરજ કરેલ છે.

<u>**(૨). જવાબ :-**</u> સદર કામે હાલની અરજી સંદર્ભે સામાવાળાઓ ને નોટીસ કરતા તે તેઓને બજી ગયેલ છે તેઓ તેમના વકીલ શ્રી મારફતે હાજર થયેલ અને આંક-૬ થી જવાબ રજુ કરેલ છે તેમા જણાવેલ છે અરજદારે તેમની અરજીમાં જે હકીકતો જણાવેલ છે કે કાયદેસર રીતે કોઈ હકક કે અધિકાર નથી અરજદારે તેમની અરજીમાં જે હકીકતો અને આક્ષેપો કરેલા છે તે ખોટા અને ઉપજાવી કાઢેલ હોય તેમજ સંસ્થા પહેલેથી દરેક વર્કરને ૫૮ વર્ષે નિવૃત કરતા આવેલ છે તેમજ હાલમાં સંસ્થા નાદાર થયેલ છે તેમજ નામદાર ઔધોગિક પંચના હુકમ મુજબ બેંક ઓફ બરોડાના કબ્જા હેઠળ છે અને સદર સંસ્થા ૨૦૧૮ થી બંધ હોવાથી હાલમાં કોઈ રેકર્ડ મળી આવે તેમ નથી. અમારી એક નાની કંપની છે અને ઘણા કપરા સંજોગોમા અમો કંપની ચલાવી રહેલા છીએ તેમજ અમારી કંપની બેન્ક ઓફ બરોડાના પજેસન પર ચાલે છે અને સીમબોલીક પજેસન લઈ લીધેલ છે તેમજ તેઓએ માંગેલી રકમ ચુકવવાનો કોઈ સવાલ ઉપસ્થિત થતો નથી.

**(૩). પુરાવો :–** આ કામે અરજદારે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે જે નીચે મુજબ છે.

**:: મૌખિક પુરાવા ::**

| આંક | વિગત |
|---|---|
| ૭ | **શ્રી ગણપતભાઈ છગનભાઈ પરમારની સોગંદ પર ની લેખિત સરતપાસ.** |

**:: દસ્તાવેજી પુરાવા ::**

| માર્ક | વિગત |
|---|---|
| ૧/૧ | **રેફરંસ કેસ નં.૨૬૫/૨૦૧૮ ના કામે હુકમ ની નકલ** |
| ૧/૨ | **રેફરંસ કેસ નં.૨૬૫/૨૦૧૮ હુકમ ના અમલ માટે લખેલ પત્ર તા.૧૭/૬/૨૩** |
| ૧/૪ | **હુકમ ના અમલ માટે લખેલ પત્ર તા.૧૭/૬/૨૩ ના રોજ નુ મળ્યા ની પહોંચ** |

અરજદાર તરફે આંક–૯ થી પુરાવા બંધ ની પુરશીષ રજુ કરેલ છે.

ત્યારબાદ સામાવાળા તરફે કોઈ મૌખિક પુરાવો રજુ કરેલ નથી પરંતુ દસ્તાવેજી પુરાવા આંક–૦૮ ની પુરશીશ થી રજુ કરેલ છે અને સામાવાળા એ આંક–૧૦ થી પુરાવા બંધની પુરશીશ આપેલ છે.

**(૪).દલીલ :–** અરજદાર તરફે તેમના પ્રતિનિધીએ અરજીમાં જણાવ્યા મુજબની મોખિક દલીલો કરી જણાવેલ છે કે રેફરન્સ (એલ.સી.વી.) નં. ૨૬૫/૨૦૧૮ ના કામે આંક–૨૨ થી તા. ૨૯–૦૩–૨૦૨૩ ના રોજ જે ચુકાદો આપેલ તે ચુકાદાનો અમલ કરવા માટે અરજદારે સામાવાળા કંપનીને તા.૧૭–૦૬–૨૦૨૩ ના રોજ રજીસ્ટર્ડ એ.ડી. પત્ર થી અમલ કરવા માટે ની માંગણી કરેલ તે પત્ર સામાવાળા કંપની ને મળી ગયેલ હોવા છતાં તેનો અમલ કરેલ નથી. આમ માંગ્યા મુજબ ની દાદ મંજુર કરવા રજુઆત કરેલ છે. જયારે સામાવાળા તરફે આંક–૧૧ થી લેખિત દલીલ રજુ કરેલ છે જે વંચાણે લીધી.

**(૪). મુદદાઓ :**–આમ ઉપરોકત તમામ હકીકતો તથા રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતાં સદર કામે આ કેસના આખરી નિકાલ અર્થે મારા સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**:: મુદા ::**

૧. શું અરજદાર સાબિત કરે છે કે, તેઓ સામાવાળા પાસેથી અરજીમાં જણાવેલ લ્હેણી રકમ નો સામાવાળા વિરૂધ્ધ રીકવરી સર્ટીફિકેટ મેળવવા હકકદાર છે ?

૨. શું હુકમ ?

**(૫). જવાબો :**– ઉપરોકત મુદાઓના જવાબ નીચે મુજબ આપવામાં આવે છે.

(૧). મુદા નંબર :– ૧. હકાર માં

(૨). મુદા નંબર :– ૨. આખરી હુકમ મુજબ.

**–:: કારણો ::–**

**(૬). મુદ્દા નં. ૧ :**–

**(૧).** રેફરન્સ (એલ.સી.વી.) કેસ નં.૨૬૫/૨૦૧૮ ના કામે થયેલ એવોર્ડ વંચાણે લઈએ તો, હાલની વસુલાત અરજીના અરજદાર ની તરફેણમાં એવોર્ડ થયેલો છે જે આ કામે અરજી ના એનેક્ષર નિ.૧/૧ થી રજુ છે તે વંચાણે લેતા સામાવાળા એ, આ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં અરજદારને ઉચ્ચક વળતર પેટે રૂા.૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચાસ હજાર પુરા) ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

અરજદાર ની આંક–૦૭ લગત થયેલ ઉલટ તપાસ વંચાણે લેતા, '' *કંપનીએ તેઓને ૫૮ વર્ષે નિવૃત કરેલ હતા તેઓને છેલ્લે રૂા. ૮,૦૦૦/– માસિક પગાર*

*મળતો હતો. તેઓએ તા. ૧૩/૧૨/૨૦૧૭ ના રોજ નિવૃત થયેલ હતા. એ વાત ખરી નથી કે કંપનીના નિયમ મુજબ તમામ કામદારોને ૫૮ વર્ષે નિવૃત કરતા હતા.''* સામાવાળાએ આંક-૬ થી જવાબ આપેલ છે આંક-૧૧ થી લેખિત દલીલ રજુ કરી જણાવેલ છે અરજદારે તેમની અરજીમાં જે હકીકતો જણાવેલ છે કે કાયદેસર રીતે કોઈ હકક કે અધિકાર નથી અરજદારે તેમની અરજીમાં જે હકીકતો અને આક્ષેપો કરેલા છે તે ખોટા અને ઉપજાવી કાઢેલ હોય પરંતુ રેફરંસ કેસ નં. ૨૬૫/૨૦૧૮ એવોર્ડનો સામાવાળા એ અમલ કરેલ નથી તે હકીકત સ્વીકૃત હકીકત છે.

વધુમાં સદર હકીકત ના સમર્થન માં નામદાર વડી અદાલત નો ચુકાદો વંચાણે લેવો જરૂરી છે. **Bhavnagar Municipal Corporation Thro'Municipal Commissioner Versus Sushilchandra Kunvarji Sanghvi, 2011 (0) AIJEL-HC 225063.** In this case Honble High Court of Gujarat has held that;

14. In background of such facts and circumstances, when the learned Labour Court took up the Recovery Application No.17 of 2005 for adjudication, it was required to adjudicate the applicant's claim in light of the findings recorded by the learned Industrial Tribunal in the award dated 08.11.2001 in Reference No.48 of 1996 and the final direction given by the learned Tribunal in the said award. The learned Labour Court could not have gone beyond the findings recorded and direction given by the learned Tribunal. The learned Labour Court also could not have arrived at different conclusion regarding applicable pay scale for the post of Slum Superintendent and could not have arrived at independent different conclusion, which can be, ordinarily, arrived at after adjudication of claim and rights in light of evidence. Therefore, the contention of the municipality that the learned Labour

Court should independently consider the issue and should decide the issue about the applicable pay scale to the post of Slum Superintendent, afresh, could not have been accepted and allowed by the learned Labour Court. It would, otherwise, amount to adjudication of the rights and obligations.

Ghanchi Abdulrazak Mohmad Limadia Versus Prakashbhai J.Joshipura,2015 (0) AIJEL-HC 234667, In this case Honble High Court of Gujarat has held that;

46. From above mentioned facts, it has emerged that the respondent claimed interest for the first time in Recovery Application No.18 of 2002 and the learned Labour Court accepted the demand and granted the workman's request for the first time vide order dated 1.1.2004 in the award passed in Recovery Application No.18 of 2002. In this view of the matter, the respondent would contend that the obligation to pay interest would not arise before 1.1.2004 and in the alternative, he would contend that at the most starting point for calculating interest should be settled when the recovery certificate was issued, i.e. 24.3.2000.

47. When the said submissions by learned senior counsel for the petitioner are considered in light of the facts of the case and more particularly when the aforesaid alternative contention is considered in light of the facts of the case, then technically the contention seems to be attractive as well as sound.

48. However, the Court cannot overlook the fact that issuance of recovery certificate was only an action to facilitate execution of the order dated 18.5.1998 and

that, therefore, entitlement of any right cannot be based on the date when step in direction for execution of the decree is taken. The Court would also not ignore the fact that until 31.3.2003, the respondent was deprived of his hard earned salary from September 1991 onwards.

49. In such circumstances, the respondent would claim that interest should be payable from the date when the amount in question became due and payable.

50. Ordinarily, the Court would accept the submission. However, in present case, it is noticed that the respondent workman initiated steps for recovery of the amount after almost 5 years, i.e. in 1996 and even at that stage, the respondent did not claim interest. The claim was raised belatedly - after ordinary period of limitation - but recourse would be taken to the contention that Section 33-C does not prescribe period of limitation.

51. It is also pertinent that even after adjudication of the claim, the learned Labour Court did not grant interest to pay the principal amount with interest.

52. In this background, an important fact which emerges is that actual determination and crystalisation of the exact amount payable to the respondent is done on 18.5.1998 when the order - decree came to be passed.

**53**. Having regard to the fact that the claim and/or wages of the workman and even more important, the determination and crystalisation of the claim is done on 18.5.1998 the Court is of the view that the interest of justice would be served if the workman's right to claim and receive interest is acknowledged with effect from 18.5.1998,

(i.e. the date of decree) and the petitioner is directed to pay amount of Rs.2,72,348/- with interest at the rate determined by the learned Labour Court, i.e. 9%, by calculating the interest @ 9% with effect from 18.5.1998 instead of September 1991 and pay the said amount of Rs.2,72,348/- with interest @ 9% to be calculated from 18.5.1998.

**54.** Consequently, the impugned order dated 25.6.2004 is required to be quashed and modified to the aforesaid effect and extent.

**55.** Therefore, the said order dated 25.6.2004 is hereby set aside and modified and it is directed that the respondent shall be paid sum of Rs.2,72,348/- with interest @ 9% to be calculated from 18.5.1998.

**56.** If the petitioner has deposited any amount in excess of the amount which would be payable on aforesaid basis, then such excess amount shall be returned to the petitioner and the principal amount of Rs.2,72,348/- with interest @ 9% to be calculated w.e.f. from 18.05.1998 shall be paid first to the respondent and balance amount to be returned to the respondent.

**57.** The the order dated 25.6.2004 is, accordingly, set aside and modified. The order dated 1.1.2004 also stands modified to the effect and extent that interest will be calculated and paid @ 9% from 18.5.1998 instead of September 1991 as directed by the learned Labour Court vide order dated 1.1.2004. Accordingly, the said two orders also stand modified with the aforesaid clarifications and directions.

**(૩).** આમ નામદાર વડી અદાલત ના ચુકાદા માં પ્રસ્થાપિત સિધાંતો તથા રજુ પુરાવા નુ

વિહંગાવલોકન કરતા આ કામના સામાવાળા ને હાલ ની વસુલાત અરજી બાબતે જાણ થયેલ છે તેમ છતાં રેફરન્સ (એલ.સી.વી.) કેસ નં.૨૬૫/૨૦૧૮ ના હુકમ નો અમલ કરેલ નથી આવા સંજોગોમાં અરજદાર ના બાકી નિકળતા નાણાં લગત ની હકીકત વિરુધ્ધની હકીકત અથવા ખંડન કરતી કોઈ હકીકત કે પુરાવો સામાવાળાએ રજુ કરેલ નથી કે અરજદાર ને હુકમ મુજબ ના નાણાં ચુકવેલ નથી જેથી અરજદારની હકીકતો ને ન માનવા કોઈ કારણ જણાઈ આવતુ નથી. આમ અરજદારની તરફેણમાં જે (એલ.સી.વી.) કેસ નં. ૨૬૫/૨૦૧૮ ના કામે હુકમ થયેલ છે તેના આધાર પર કુલ ઉચ્ચક રકમ રૂ.૫૦,૦૦૦/– તથા અરજી ખર્ચ ના રૂ.૩,૦૦૦/– ની રકમ લેણી નિકળતા હોવાની હકીકત પુરવાર થયેલ છે. આમ, મુદદા નંબર – ૧ નો જવાબ અંશત: હકારમાં આપવામાં આવે છે તેમજ મુદદા નંબર – ૨ નો જવાબ ન્યાય ના હિત માં આખરી હુકમ મુજબ કરવામાં આવે છે.

## **:: આખરી હુકમ ::**

**(૧).** અરજદારની વસુલાત અરજી અંશત: મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨).** આથી સામાવાળાને હુકમ કરવામાં આવે છે કે, આ હુકમની જાણ થયાના દિન ૩૦ માં તેઓએ આ કામના અરજદાર ને કુલ લ્હેણી રકમ રૂ. ૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. **વધુમાં** સદર અરજી ખર્ચના રૂ.૩,૦૦૦/– સહિત કુલ રકમ અન્વયેનું રીકવરી સર્ટિફિકેટ નીચે ની શરતોના અધીન ઈશ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

## **:: શરતો ::**

**(૧).** અરજદારે નામદાર હાઈકોર્ટ દવારા **(એલ.સી.વી.) કેસ નં. ૨૬૫/૨૦૧૮** ના હુકમના અમલ સામે આજ સુધી મનાઈ હુકમ આપેલ છે કે નહિ અથવા તો તે અગે આજ સુધીમાં

નામદાર ગુજરાત હાઈકોર્ટમા કોઈ રીટ, હુકમ કે કોઈ નોટીસ અરજદારને મળેલ છે કે નહિ તે અંગેનુ સોગંદનામુ રજુ કરવું.

**(૨).** જો અરજદાર ના ઉપરોકત સોગંદના મા નામદાર ગુજરાત હાઈકોર્ટનો કોઈ મનાઈ હુકમ ન હોવાનું કે નોટિસ મળેલ ન હોવાનું જાહેર કરવામાં આવે તો ઉપરોકત હુકમમાં જણાવ્યા મુજબનું રીકવરી સર્ટીફીકેટ કાઢી આપવું.

હુકમ આજ રોજ તા.૧૮મી, માહે–જાન્યુઆરી, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(નારાયણ લાલ શર્મા)**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત નં.૪,વડોદરા**
**U.I.C.NO.GJ01439.**

**સ્થળ : વડોદરા.**
**તારીખ : ૧૮/૦૧/૨૦૨૫.**
જે.એ.મકવાણા